**વિજયનગર મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની સાહેબની કોર્ટમાં, વિજયનગર**

**ફોજદારી કેસ નં.૧૨૫૭/૨૦૨૨**

આંક – ૬

શ્રી સરકાર :: ફરીયાદી

વિરૂધ્ધ

ઈશ્વરભાઈ બાબુભાઈ લટા :: આરોપી
રહે :– મહુવાના ખેતરા,તા.વિજયનગર,જી.સા.કા.

ગુનો :– પ્રોહી. એકટ કલમ– ૬૫ એએ

**ઠરાવ**

આરોપી સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આપેલ છે. ત્યારબાદ આરોપી સામે **આંક ૩** થી તોહમતનામુ ફરમાવવામાં આવે છે. આરોપીની **આંક –૪** થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી, તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતા તે મંજુર કરવામાં આવે છે અને આરોપીને તેમની સામેના ગુજરાત પ્રોહી. એકટની કલમ –૬૫ એએ. મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

વધુમાં આરોપી તરફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેને અફસોસ છે તેમજ તેની ઉપર કુટુંબની જવાબદારી છે અને તે ગરીબ માણસ છે જેથી દયા કરવા અરજ કરેલ છે.

નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧), જી. એલ. આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં

કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે. આમ, સદરહુ ચુકાદાના પાના નં. ७२१ ઉપર પેરા – २१માં જે કારણો જણાવેલા છે. તે ઘ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિપિ અને સંજોગોને ઘ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનુ છું. જે તમામ ચર્ચાના અંતે આ કામમાં હું નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**–: હુકમ : –**

તહોમતદારને ક્રિ. પ્રો. કો. કલમ – ૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫ એએ ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની શિક્ષા તથા દંડ રૂા ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો દિન – ૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવો.જો મુદ્દામાલ વાહન હોય તો વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામા આવે છે જો કોઈ હુકમ કરેલ ન હોય તો વાહન ના મુળ માલીક ની ખરાઈ કરી આ કામના તપાસ કરનાર અમલદાર ના ઓ એ સદરહું વાહન મુળ માલીક ને પરત સોંપવાનો આથી હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૨/૧૧/૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં યોજાયેલ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તા. ૧૨/૧૧/૨૦૨૨
મુ.વિજયનગર.

**(નિલય પિયુષકાંત પટેલ)**
જયુડી.મેજી.ફ.ક., વિજયનગર
(જજ કોડ નં. જીજે ૦૧૨૬૮)